# હડપ્પીય સંસ્કૃતિનું સામાજિક જીવન.

ડો.ગીતા ડી.મારુ
અધ્યાપક સહાયક,
એમ.બી.કોમર્સ & જી.એમ.એન.લાલજી આર્ટ્સ કોલેજ, દહેગામ

# પ્રકરણમાં રજૂઆત

1. પ્રસ્તાવના
2. સામાજિક સંગઠન કે સામાજિક વર્ગો:
3. ખાન-પાન કે ખોરાક:
4. પોષાક (વસ્ત્ર પરિધાન):
5. આભૂષણો:
6. કેશભૂષા:
7. વાસણો અને રાચરચીલું:
8. હથિયારો અને ઓજારો:
9. રમકડાંઓ:
10. આનંદ પ્રમોદના સાધનો:


# પ્રસ્તાવના

- હડપ્પા સંસ્કૃતિના સામાજિક જીવનમાં ઘણી બધી વિશેષતાઓ જોવા મળે છે. આજ વિશેષતાઓ એ સમાજજીવનના વિશિષ્ટ લક્ષણોને પણ ઉજાગર કરે છે. હડપ્પા સંસ્કૃતિનો સમાજ મુખ્યત્વે ચાર પ્રજાતિઓનો બનેલો છે.

1. ભૂમધ્ય સાગરીય (मेडीटेरियी) સૌથી વધુ હતા.
2. મિટ્રો ઓસ્ટ્રોલોઇડ (मिट्रो ऑस्ट्रोलाइड)
3. અલ્પાઇન (अल्पाइन)
4. મંગોલોઇડ (मंगोलाइड)

# સામાજિક સંગઠન કે સામાજિક વર્ગો:

1. હડપ્પા સંસ્કૃતિમાં મુખ્યત્વે પરિવાર એ સામાજિક સંગઠનનું મુખ્ય અંગ હતું. કુટુંબમાં માતૃસત્તા અગ્રસ્થાને હતી. ઈતિહાસકાર પુસાલકરે હડપ્પા સમાજને મુખ્ય ચાર ભાગોમાં વિભાજિત કર્યો છે.
   1. વિદ્વાનો/ ધર્મગુરુઓ અને જ્યોતિષીઓ
   2. સૈનિકો
   3. વ્યાપારીઓ અને શિલ્પકારો
   4. ખેડૂતો, મજૂરો, ગુલામો અને શ્રમજીવીઓ



# ખાન-પાન કે ખોરાક:

1. હડપ્પાવાસીઓ ખાવા-પીવાના ઘણા શોખીન હતા. તેઓ શાકાહારી અને માંસાહારી એમ બંને પ્રકારના ખોરાક લેતા હતા. તેઓના ખોરાકના મુખ્ય અનાજ ઘઉં અને જવ હતા. આ ઉપરાંત **ગોળ, મરી**, અનેક પ્રકારના ફળો, શાકભાજી તથા દૂધ, માંસ અને માછલીઓનો પણ ખોરાક તરીકે ઉપયોગ કરતાં હતા.

# પોષાક (વસ્ત્ર પરિધાન):

- હડપ્પા સમાજમાં સુતરાઉ અને ઉન એમ બંને પ્રકારના વસ્ત્રોનો ઉપયોગ કરવામાં આવતો હતો.
- પુરુષો ઉપરના કપડાને ચાદરની જેમ ઓઢતા હતા. તથા કમરનીઓ નીચે ધોતી જેવુ વસ્ત્ર પહેરતા હતા.
- સ્ત્રીઓ કરમરની નીચે ઘાઘરા જેવુ વસ્ત્ર ધારણ કરતી હતી. અને માથામાં એક વિશેષ પ્રકારનું વસ્ત્ર ધારણ કરતી હતી.
- મોટાભાગે સિલાઈ વગરના વસ્ત્રો હતા.

# આભૂષણો:

- પુરુષો તથા સ્ત્રીઓ બંને આભૂષણોના શોખીન હતા.
- ગરીબો માટી, પથ્થર, કોડીઓ, છીપલાઓ, હાડકાઓ, અને કાંસાઓના આભૂષણો પહેરતા હતા.
- પરંતુ ધનિક વર્ગના લોકો સોના, ચાંદી, હાથીદાંત તથા બહુમૂલ્ય પથ્થરો કે રાતનોના બનેલા આભૂષણો પહેરતા હતા.
- ઘરેણાઓમાં મુખ્યત્વે હાર, કડલા, નથણી, પાયલ, કાનની બુટ્ટીઓ, લટકણિયાઓ તથા બંગડીઓ અને વીંટીઓ મુખ્ય હતા.
- ઉત્ખનનોથી અનેક પ્રકારના આભૂષણો મળ્યા છે. તાવીજ અને માદળિયાં પણ આભૂષણોની માફકજ પહેરવામાં આવતા હતા.



હડપ્પા સંસ્કૃતિના દાગીના



# કેશભૂષા:

- કેશભૂષાની બાબતમાં હડપ્પા વાસીઓ ઘણાં આધુનિક અને ફેશનેબલ હતા.
- કેટલાંક પુરુષો દાઢી મૂછ રાખતા અને કેટલાંક ન રાખતા. અમુક પુરુષો લાંબા વાળ પણ રાખતા હતા.
- સ્ત્રીઓ લાંબા વાળ રાખતી, તેને ગૂંથતી, સજાવતી, અંબોડા પણ બાંધતી હતી. વાળ ઓળવા માટે હાથીદાંતના કાંસકાનો ઉપયોગ થતો હતો, અને તાંબાથી બનેલા અરિસાનો ઉપયોગ કરતાં.

# વાસણો અને રાચરચીલું:

- હડપ્પા વાસીઓ માટીના અને ધાતુના અનેક પ્રકારના વાસણો બાનવતા હતા.
- માટીના વાસણો ઉપર પોલિશ, ચિત્રો તથા ચળકાટ માટે વિશિષ્ટ પ્રકારનો લેપ પણ લગાવવામાં આવતો હતો.
- રાચરચીલુંમાં સાદડીઓ, લાકડાની ખુરશી, નાના ટેબલનો ઉયપયોગ કરતાં હતા.



# હથિયારો અને ઓજારો:

- હડપ્પા વાસીઓ તાંબા અને કાંસા માંથી બનાવેલ કુહાડી, ભાલા, ગદા, તલવાર, છરી, ચાકુ, દાતરડું વગેરે જેવા હથિયારો બનાવતા અને ઉપયોગ કરતાં હતા.
- હાથદાંત, હાડકાં માંથી બનાવેલા સોય, ટાંકણીઓ, છીણીઓ  વગેરે જેવા ગૃહ ઉપયોગી ઓજારોનો પણ ઉપયોગ કરતાં.

# રમકડાંઓ:

- અહીં બાળકોના આનંદ પ્રમોદ માટે વિશેષ ધ્યાન આપાયું હતું. બાળકોના આનંદ માટે વિવિધ પ્રકારના અસંખ્ય રમકડાઓ બનાવવામાં આવતા. આ રમકડાઓમાં મુખ્યત્વે સિસોટીઓ, ઘુઘરાઓ, લખોટીઓ, ગાડાંઓ, વહાણો, એકાઓ, પાસાઓ વગેરેનો સમાવેશ થાય છે.









હડપ્પાકાલીન રમકડાં

# આનંદ પ્રમોદના સાધનો:

- હડપ્પા વાસીઓ આનંદ પ્રમોદમાં પણ વિશેષ રુચિ ધરાવતા હતા. તેઓ વિવિધ હરિફાઇઓનું આયોજન કરતાં હતા. ગાડાઓની હરીફાઈમાં તેઓ ખૂબ રસ લેતા હતા. તે ઉપરાંત સાંઠમારી, સોગટાબાજી અને શતરંજ પણ રમતા હતા. દડાઓ અને લખોટાની રમતો પણ આનંદ પ્રમોદનું સાધન હતું.
- કુકડાઓની સાંઠમારી અને પશુની સાંઠમારી આયોજિત થતી હતી. તેઓ નૃત્ય અને સંગીતમાં પણ અભિરુચિ ધરાવતા હતા. તબલા અને ઢોલકનો ઉપયોગ નૃત્ય સંગીત માટે કરતાં હતાં.

